**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૭૮ ટકા

# શહેરમાં ભાવપૂર્વક પર્યુષણ પર્વનો પ્રારંભ

## સે-૨૨ના જૈન દેરાસર ખાતે ચાતુર્માસ અર્થે બિરાજમાન રાષ્ટ્ર સંત પૂ. પદમસાગરજી મહારાજના સાંનિધ્યમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૩

જૈન સમાજના પવિત્ર પર્યુષણ પર્વનો ગઈકાલથી પ્રારંભ થયો છે ત્યારે સમગ્ર પર્વ દરમિયાન સે-૨૨ જૈન દેરાસર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાવાના છે ત્યારે ગઈકાલે સવારે ૯.૦૦ કલાકે દેરાસર ખાતે પર્યુષણ કર્તવ્ય તથા વધામણાના કાર્યક્રમોનું આયોજન હતું. જૈન દેરાસર ખાતે ચાતુર્માસ અર્થે બિરાજમાન રાષ્ટ્ર સંત પૂ. પદ્મસાગરજી મહારાજના સાનિધ્યમાં સમગ્ર પર્યુષણ પર્વ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ચાતુર્માસ દરમિયાન જૈન દેરાસરમાં ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ કાર્યક્રમનું આયોજન છે. પ.પૂ.આ.ભ.શ્રી હરીભદ્રસૂરીજી રચિત 'ધર્મબિંદુ' ગ્રંથ આધારિત ખૂબ જ ધાર્મિક તેમજ ધર્મ તત્વથી ભપપૂર પ્રવચન દરરોજ સવારે ૯.૦૦થી ૧૦.૦૦ કલાકે યોજાશે. દરરોજ બપોરે શ્રાવિકા ઉપાશ્રયે બહેનો માટે સમુહ સામાયિક અને અન્ય પ્રસંગોચિત વ્યાખ્યાનનું આયોજન છે. ગુરૂભગવંતની નિશ્રામાં શ્રી સંઘમાં ૨૬ દિવસનું સંતિકરમ તપ, નેમનાથ પ્રભુજીના જન્મ કલ્યાણ તથા દિક્ષા કલ્યાણ મહોત્સવ, અટ્ઠમ તપની આરાધના વગેરે વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન રાખવામાં આવ્યું છે. ઉપરાંત ચાતુર્માસ દરમિયાન સંવત્સરી પર્વ સુધીના ૫૦ દિવસો દરમિયાન બાળકોમાં તપ અને સૂત્રાભ્યાસ વધે તે હેતુથી ૫૦ દિવસના બેસણા, મુકી છે. જેમાં જોડાયેલા ૮૦થી વધુ બાળકોનું બહુમાન કરાશે.




વિશિષ્ટ સૂત્રો કંઠસ્થ કરવા સાથે, મુખ્ય આરાધનાઓને સાંકળી પોઈન્ટ કાર્ડની યોજના અમલમાં

પર્યુષણ પર્વના દિવસોમાં વિવિધ માંગલિક કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જેમાં ગઈ કાલે સવારે ૯.૦૦ કલાકે પર્યુષણ કર્તવ્ય તથા વધામણાનો કાર્યક્રમ હતો.

આજે સવારે ૯.૦૦ કલાકે અષ્ટાન્હિકા પ્રવચનનું આયોજન છે. જેમાં કલ્પસૂત્રની અષ્ટપ્રકારી પૂજા અને વિવિધ પૂજન ક્રિયા કરવામાં આવશે. રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે અષ્ટાન્હિકા પ્રવચન કાર્યક્રમ યોજાશે. સોમવારે સવારે ૮.૩૦ કલાકે કલ્પસૂત્ર ગુરુ ભગવંતને વહોરાવવું તથા કલ્પસૂત્ર વાંચનનું આયોજન છે. સોમવારે બપોરે ૨.૪૫ કલાકે કલ્પસૂત્ર વાંચન કાર્યક્રમ છે. મંગળવારે સવારે ૮.૩૦ કલાકે કલ્પસૂત્ર વાંચન, મહાવીર સ્વામી જન્મ વાંચન તથા ચૌદ સુપનના દર્શન, અષ્ટમંગલ, કલ્પવૃક્ષનાં દર્શન અને સંઘ જમણ કાર્યક્રમ છે. બુધવારે સવારે ૮.૩૦ કલાકે કલ્પસૂત્ર વાંચન અને બપોરે ૨.૪૫ કલાકે ગણધરવાદ પ્રવચનનું આયોજન રાખેલ છે. ગુરુવારે સવારે ૮.૪૫ કલાકે કલ્પસૂત્ર વાંચન અને બપોરે ૨.૪૫ કલાકે સ્થવિરાવલી વાંચન રાખેલ છે. શુક્રવારે સવારે ૮.૪૫ કલાકે બારસા સૂત્ર વાંચન, ફોટા દર્શન, બાદમાં દહેરાસરજીમાં પ્રભુદર્શન ચૈત્યવંદન કાર્યક્રમ અનો બપોરે ૨.૪૫ કલાકે સાંવત્સારી પ્રતિક્રમણ અનો સામૂહિક ક્ષમાપના. શનિવારે સવારે ૮.૧૫ કલાકે તપસ્વીઓના સામૂહિક પારણા અને રવિવારે ૧૨ તારીખે સવારે ૮.૪૫ કલાકે તપ અનુમોદનાની શોભાયાત્રા તથા સંઘ સ્વામિવાત્સલ્ય જેમાં શોભાયાત્રા દેરાસરથી પ્રયાણ કરી પરત થતાં પ્રભુજીના પોંખણાના ચડાવા કરવામાં આવશે.

## ખાનગી શાળા-કોલેજોમાં ફીમાં ૫૦ ટકા રાહત માટે 'આપ'ની રાજયપાલને રજુઆત



ગાંધીનગર, તા.૩

કોરોના કાળમાં ચોમાસું નબળું રહેતા નાગરિકોની હાલત 'પડતાં પર પાટું' જેવી થવા પામી છે. આ સ્થિતિમાં સામાન્ય મધ્યમ વર્ગના ધંધા-રોજગાર પર માઠી અસર વર્તાઈ રહી છે જેના પગલે સંતાનોની સ્કૂલ ફી ભરવી પણ અઘરી જણાઈ રહી છે તેવી રજૂઆત સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં તમામ ખાનગી શાળા કોલેજોના વિદ્યાર્થીઓને ફીમાં ૫૦ ટકા રાહત આપવી જોઈએ તેમજ આગામી બે વર્ષ સુધી ફીમાં કોઈ વધારો કરવામાં ના આવે તેવી રજૂઆત સાથે આમ આદમી પાર્ટીના પ્રદેશનેતાઓ ગોપાલ ઈટાલિયા અને મહેશ સર્વાણી વગેરેએ રાજયના રાજયપાલ સાથે મુલાકાત કરી આવેદનપત્ર આપ્યું હતું.



ચોમાસા દરમિયાન ઉગી નીકળેલી વનસ્પતિને પૂર્વ કોર્પોરેટર રાકેશ પટેલ અને કુંતલબેન રાવલ દ્વારા દૂર કરવામાં આવી હતી. સેકટર-૫ના જાહેર માર્ગોની આસપાસ તથા કોમન પ્લોટમાં સાફ સફાઈ કરવામાં આવી હતી.

## સરસ્વતિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલનું ગૌરવ

સરસ્વતિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસની વિદ્યાર્થીનીઓએ ફાર્મ ડી.ની પરીક્ષામાં છઠ્ઠુ અને સાતમુ સ્થાન પ્રાપ્ત



કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે. વિદ્યાર્થીની જૈન શ્રેયા (એસપીઆઈ-૧૦.૦૦, (સીપીઆઈ-૯.૫૯) અને ખુશી જાની (એસપીઆઈ-૧૦.૦૦, સીપીઆઈ-૯.૫૮) પરીણામ મેળવ્યુ છે. જેથી સંસ્થાના સંચાલન કે.જી. પટેલ (પ્રિન્સિપાલ) તથા સ્ટાફ દ્વારા બિરદાવીને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

## પી.કે. ચૌધરી કોલેજ દ્વારા ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૩

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડૉ. એમ.એમ. ચૌધરીએ પ્રાસંગિક વ્યાખ્યાન આપ્યુ હતુ. કોલેજમાં ઝવેરચંદ મેઘાણીના કાવ્યો, લોકગીતો અને શૌર્યગીતોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ ક્રમાંકે તોરલ ઠાકોર, દ્વિતીય ક્રમાંકે ભૂમિ વણઝારા અને વંદના ઠાકોર તથા તૃતીય ક્રમાંકે સ્નેહા આગજા અને રીપલ રબારી રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, ડૉ. લીના સ્વાદિયા, મુન્નાબેને કર્યુ હતુ. ડૉ. ગીતાબેન ચૌધરી અને ડૉ. મીનાબેન વ્યાસ નિર્ણાયક તરીકે હતા. તોરલ ઠાકોરે કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ. આચાર્ય અને અધ્યાપકગણો ગીતનું ગાન કરી ઝવેરચંદ મેઘાણીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## જે.બી. પ્રાથમિક શાળામાં ઓનલાઈન ચિત્રસ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩

જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૪ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ગણેશ ચતુર્થી પર્વ નિમિત્તે ઓનલાઈન ગણેશ ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ કલા શિક્ષણના માર્ગદર્શન અને માતા-પિતાના સહયોગથી સુંદર રંગોથી ગણેશજીની કૃતિને સુશોભિત કરી હતી. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામને અભિનંદન તથા ગણેશ મહોત્સવની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ઈન્ફોસીટી શાળામાં કોવિડ રસીકરણ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૩

ઈન્ફોસીટી શાળામાં શુક્રવારના રોજ કોવિડ-૧૯ રસીકરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અર્બન હેલ્થ સેન્ટર, સેકટર-૨ માંથી ડૉ. પૂજાબેન અને ડૉ. જિજ્ઞાબેનની ટીમ હાજર રહી હતી. આ ટીમ દ્વારા સંસ્થાના કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોએ રસીનો લાભ લીધો હતો. શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર અને પ્રમુખ વૈષ્ણવ સર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## આયુર્વેદીક હોસ્પિટલ સેન્ટર ખાતે પોષણ માસની ઉજવણી




ગાંધીનગર, તા.૩

ભારત સરકારના પોષણ અભિયાન અંતર્ગત પષણ માસ 'સપ્ટેમ્બર ૨૦૨૧'ની ઉજવણી અર્થે સરકારી આયુર્વેદ હોસ્પિટલ સે-૨૨ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કર્યુ છે જે અંતર્ગત પોષણ અભિયાન રેલીનું આયોજન કરાયું હતું અને પોષણ આપતી આયુર્વેદ ઔષધીઓ વાવવામાં આવી હતી. જેમાં વિવિધ સ્લોગનો સાથે હોસ્પિટલના વૈદ્ય પંચકર્મી અને તમામ અધિકારી તથા સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## કરાટે ચેમ્પિયનશીપમાં જે.એમ.ચૌધરી સ્કૂલની વિદ્યાર્થીનીને ગોલ્ડ મેડલ



રાષ્ટ્રીય સ્તરની કરાટે ચેમ્પયિન સ્પર્ધામાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં અભ્યાસ કરતી સુહાની પંડયા (ધો-૭-બી)એ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. ચૌધરી સ્કૂલ ગાંધીનગર તેમજ ગુજરાતનું ગૌરવ વધારનાર સુહાનીને સંસ્થાના ટ્રસ્ટીગણ, આચાર્યશ્રી તથા શાળાના સમગ્ર પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન તેમજ શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## સરકારી વિનયન કોલેજ દ્વારા સંસ્કૃત સપ્તાહની ઉજવણી



ગાંધીનગર, તા. ૩

સરકારી વિનયન કોલેજના સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃત સપ્તાહ અંતર્ગત વાલ્મીકિ રામાયણના સાતેય કાંડનું રસાસ્વાદન કરાવતી વિશેષ ઓનલાઈન વ્યાખ્યાન યોજાયુ હતુ. આ વ્યાખ્યાનમાળાના ઉદ્ઘાટન પ્રસંગે સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડ્યાએ આશીર્વચન આપતા કચ્છની પ્રાદેશિક રામકથાના સમૃદ્ધ વારસા વિશે પરિચિત કર્યા હતા. સુભાષિત પોસ્ટર મેકિંગ સ્પર્ધા તથા સંસ્કૃત સાહિત્ય ક્વિઝનું આયોજન ડૉ. અનુપાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ ડૉ. મહેશ પટેલ, ડૉ. વનરાજસિંહ જાડેજા, ડૉ. માધવી ઉપાધ્યાય, ડૉ. ભાવ પ્રકાશ ગાંધી તથા ડૉ. ગિરિશ સોલંકીએ કર્યુ હતુ. સંસ્કૃત વિષયના રાજ્યના તજજ્ઞો ડૉ. વસન્ત ભટ્ટ (બાલકાંડ), ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા (અયોધ્યા કાંડ), ડૉ. કમલેશ ચોક્સી (અરણ્યકાંડ), ડૉ. અમૃતલાલ ભોગાયતા (કિષ્કિન્ધાકાંડ), ડૉ. મનસુખ મોલિયા (સુંદરકાંડ), ડૉ. રાજેશ વ્યાસ (યુદ્ધકાંડ), ડૉ. વિજય પંડ્યા (ઉત્તરકાંડ) જેવા વિદ્વાનોએ વિદ્યાર્થીઓને રામાયણની રમ્યતાનો આસ્વાદ કરાવ્યો હતો.

## બી.એ.પી.એસ. શાળામાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી



ગાંધીનગર, તા. ૩

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર રાયસણ શાળામાં નાના ભૂલકાઓ દ્વારા શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરી હતી. જેમાં નાના બાળકોએ ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલા નિહાળી હતી. તેમજ બાળકો દ્વારા નટખટ ક્રિષ્નાનો વેશ ધારણ કરી માખણચોર, મુરલી મનોહર ભગવાન કૃષ્ણના સોહામણા રૂપ નજરે પડતા હતા.

## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ફરાળી વાનગી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૩

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા શુભ શ્રાવણ મહિનામાં ફરાળી વાનગી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. તેમાં વિવિધ વાનગીઓ ઘણી બહેનોએ રજૂ કરી હતી. આ કાર્યક્રમ કરવાનો હતુ આજની નવી પેઢીને ફરાળી વાનગી જે રોજિંદા ઉપવાસમાં બનતી હોય છે તે નથી ભાવતી તેથી માતાઓ કંઈક ઈનોવેટીવ વાનગી બનાવી બાળકોને પણ ઉપવાસ કરાવી પીરસી શકે જેથી બાળકો પણ સહેલાઈથી ઉપવાસ કરી શકે. આ સ્પર્ધામાં ફરસાણ બનાવીને વિજેતા બનેલી બહેનોમાં પ્રથમ ક્રમે મીનાક્ષીબેન (ફરાળી હાંડવો), દ્વિતિય ક્રમે પ્રતિભા બેન (ફરાળી કેક), તૃતીયક્રમે શાન્તાબેન (પનીર આલુટીકી), ચોથા ક્રમે મીનાક્ષીબેન (ફરાળી પેટીસ) તથા સ્વીટ વાનગી બનાવીને વિજેતા બનેલી બહેનોમાં પ્રથમ ક્રમે પ્રતિભાબેન (ફરાળી સ્વીટ કેક), દ્વિતિય ક્રમે અલ્પાબેન (બીટ ડ્રાય ફ્રુટબોલ), તૃતીય ક્રમે મીનાક્ષીબેન (ફરાળી અંજીર રોલ), ચોથા ક્રમે મીનાક્ષીબેન (કોપરાનો મૈસુર) બનાવીને વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ઈલાબેન જોશી રહ્યા હતા. અલ્પાબેન ગોરે (મહામંત્રી)એ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. પ્રતિભાબેન દવે (પ્રમુખ) એ કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.

## સરકારી વાણિજ્ય કોલેજમાં સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૩

સરકારી વાણિજ્ય કોલેજ સેક્ટર-૧૫ ખાતે 'હાઉ ટુ બિલ્ડ અ ન્યુ સ્માર્ટ અપ' વિષય પર સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન એસ.એસ.આઈ.પી. કો ઓર્ડિનેટર ડૉ. એસ.એમ. ભાદાણી તથા ડૉ. ડી.એન. નકુમ દ્વારા કરવામાં આવ્યુ હતુ. કરણ સરગરા (ઈકો સીસ્ટમ એક્સપટ) રિસોર્સ પર્સન વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યુ હતુ. કોલેજના આચાર્ય ડૉ. એ.એન. સુતરીયાએ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે પ્રોત્સાહન આપ્યુ હતુ. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## એમ.બી. પટેલ શાળામાં જન્માષ્ટમીની વિવિધ પ્રવૃત્તિઓ થકી ઉજવણી




ગાંધીનગર, તા.૩

એમ.બી. પટેલ શાળામાં સહઅભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ ૬ની વિદ્યાર્થીનીઓએ થાળી ડેકોરેશન, દીવડા અને મુગટ ડેકોરેશન કર્યું હતું. ધોરણ-૭ની વિદ્યાર્થીનીઓએ વાંસળી, મટકી ડેકોરેશન અને ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓએ રંગોળી, પારણું, રાધાકૃષ્ણના ફોટોગ્રાફસ અને તેમનું ડેકોરેશન કર્યુ હતું. શાળાની શિક્ષિકા શિલ્પાબેન ત્રિવેદી અને નિશાબેન પટેલે માર્ગદર્શન આપ્યું હતું. રાજેન્દ્રભાઈ પટેલે (સુપરવાઈઝર)એ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને શાળાના આચાર્ય નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



રાકેશભાઈ કે શ્રીમાળી
મો. ૯૯૨૫૪ ૭૬૧૫૨



ભગીરથ માંડલિયા
મો. ૯૭૨૩૧ ૪૩૩૬૯



ફૈઝાનખાન પઠાણ
મો. ૬૩૫૨૨ ૫૪૦૮૦




દીશા ચંદ્રકાન્ત દવે



તિથિ ધ્રુવ પટેલ
મો.૯૯૭૮૭ ૨૮૮૯૩



જૈસ્વી ગૌરવકુમાર પટેલ
મો. ૯૫૫૮૫ ૧૭૧૬૭



પંકજ શ્રીમાળી

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. બ્રહ્મભટ્ટ દેવેન્દ્રભાઈ સુર્યકાન્તભાઈ, ઉ.વ. ૬૦, સે-૪
- સ્વ. નાયક ચેતનકુમાર ચંદુભાઈ, ઉ.વ. ૨૩, દશેલા
- સ્વ. રોહીતજી ગોપાલજી ઠાકોર, ઉ.વ. ૨૦, ફતેપુરા, પેથાપુર
- સ્વ. પટેલ પ્રકાશકુમાર ગોકળદાસ, ઉ.વ. ૪૫, સે-રિદ્રોલ, માણસા
- સ્વ. રાઠોડ દિલીપસિંહ નાથુજી, ઉ.વ. ૪૩, બોરીજ
- સ્વ. વાઘેલા બબાજી છગનજી, ઉ.વ. ૬૨, પીપળજ